## THE ECONOMIC TIMES HEALTHCARE AWARD 2023 - NEW DELHI
## OBSTETRICS & GYNECOLOGY (OBGYN) SPECIALIST OF THE YEAR (WEST)









# દાહોદના તબીબ ડૉ રાહુલ પડવાલને રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ પ્રાપ્ત થયો

દાહોદ, દાહોદના જાણીતા ગાયનેક તબીબ ડૉ.રાહુલ પડવાલને દિલ્હી ખાતે આયોજિત હેલ્થકેર લીડર્સ સમિટમાં 'ધ ઈકોનોમિક ટાઈમ્સ હેલ્થકેર વર્લ્ડ' એવોર્ડ એનાયત કરી રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરાયા છે. ભારતભરના વિવિધ ટ્રસ્ટની અને જે તે પ્રાઈવેટ હોસ્પિટલોમાં ચાલતા વિવિધ વિભાગોના તબીબોને 'ધ ઈકોનોમિક ટાઈમ્સ હેલ્થકેર વર્લ્ડ' એવોર્ડ એનાયત કરી રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવાના આ પ્રયાસ અંતર્ગત ભારતભરની અનેક જાહેર અને ખાનગી હોસ્પિટલો અને સેંકડો તબીબોનું નોમિનેશન થવા પામ્યું હતું. ભારતદેશના ૯૦૦ જેટલા પ્રતિષ્ઠિત તબીબોની હાજરીમાં એઈમ્સના નિષ્ણાત ગણાતા ૨૦ સભ્યોની બનેલી જ્યુરી દ્વારા ભારતભરના ટોચના ખ્યાતનામ તબીબો પૈકી છેલ્લા ૭ ફાઈનલીસ્ટમાં સ્થાન પામ્યા બાદ તેમાંથી પણ અંતિમ નિર્ણય દરમ્યાન વેસ્ટ ઝોનના બેસ્ટ ગાયનેક તબીબ તરીકે દાહોદની વુમન્સ હોસ્પિટલના ડૉ. રાહુલ પડવાલની પસંદગી કરવામાં આવી હતી. દિલ્હી ખાતે કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહના મુખ્ય અતિથિપદે તથા પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી અને પોંડીચેરીના ભૂતપૂર્વ રાજ્યપાલ ડૉ.કિરણ બેદીના મુખ્ય મહેમાન પદે આયોજિત એક વિશેષ સમારંભમાં તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.



### દિલ્હી ખાતે આયોજિત હેલ્થકેર લીડર્સ સમિટમાં

# દાહોદના ડોક્ટરને વેસ્ટ ઝોનના બેસ્ટ ગાયનેકનો રાષ્ટ્રીય સ્તરે એવોર્ડ એનાયત

દાહોદ,તા. ૨૯

દાહોદના ગાયનેક તબીબ ડૉ. રાહુલ પડવાલને દિલ્હી ખાતે આયોજિત હેલ્થકેર લીડર્સ સમિટમાં એવોર્ડ એનાયત કરી રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરાયા છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રીની ઉપસ્થિતિમાં આ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ભારત ભરના વિવિધ ટ્રસ્ટની અને જે તે પ્રાઈવેટ હોસ્પિટલોમાં ચાલતા વિવિધ વિભાગોના તબીબોને એવોર્ડ એનાયત કરી રાષ્ટ્રીય સ્તરે સન્માનિત કરવાના આ પ્રયાસ અંતર્ગત ભારતભરની અનેક જાહેર અને ખાનગી હોસ્પિટલો અને સેંકડો તબીબોનું નોમિનેશન થવા પામ્યું હતું. ભારત દેશના ૯૦૦ જેટલા પ્રતિષ્ઠિત તબીબોની હાજરીમાં એઈમ્સના નિષ્ણાત ગણાતા ૨૦ જેટલા સભ્યોની બનેલી જ્યુરી દ્વારા આકલન કરવામાં આવ્યું હતું. ભારત ભરના ટોચના ખ્યાતનામ તબીબો પૈકી છેલ્લા સાત ફાઈનલીસ્ટમાં સ્થાન પામ્યા બાદ તેમાંથી પણ અંતિમ નિર્ણય દરમિયાન વેસ્ટ ઝોનના બેસ્ટ ગાયનેક તબીબ તરીકે દાહોદની પડવાલ વુમન્સ હોસ્પિટલના ડૉ. રાહુલ પડવાલની પસંદગી કરવામાં આવી હતી. દિલ્હી ખાતે પ્રથમ મહિલા આઈપીએસ અધિકારી ડૉ. કિરણ બેદીના મુખ્ય મહેમાન પદે આયોજિત એક વિશેષ સમારંભમાં દાહોદના ડૉ. રાહુલ પડવાલને એવોર્ડ એનાયત કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.